# Press Note

નામ. હાઇકોર્ટ સમક્ષ દાખલ થયેલ પી.આઇ.એલ. નં. ૧૯૧/૨૦૧૩ અન્વયે દાખલ થયેલ મીસે સીવીલ એપ્લીકેશન (ફોર કન્ટેમ) નં. ૧૨૮૦/૨૦૧૪ ના કેસમાં તા.૩.૭.૨૦૧૪ નો ઓર્ડર અન્વયે રાજ્ય સરકાર દ્વારા કેટલાંક મહાનુભાવો અને અધિકારીઓ માટે ફરજો દરમ્યાન તેમના વાહનો ઉપરના ટોપ પર લાલ લાઇટ લગાવવા બાબતે સરકારશ્રીના ગૃહ વિભાગના તા.૧૨.૧.૨૦૦૪ અને ૧૦.૧૧.૨૦૦૪ ના હુકમોથી અધિકૃત કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા રેડ લાઇટ, ફ્લેશર,બિકોન લાઇટ લગાવવા બાબતોના સ્પષ્ટ આદેશો હોવા છતાં પાત્રતા ન ધરાવતા હોય તેવા લોકો દ્વારા પણ તેમના વાહનો પર અનધિકૃત રીતે લાલ–લાઇટ/અન્ય લાઇટ, ફ્લેશર, બીકોન લગાવી સરકારી આદેશોનું ઉલ્લંઘન કરવામાં આવે છે. આ બાબતે નામ.ગુજરાત હાઇકોર્ટમાં જાહેરહીતની રીટ પીટીશન, પી.આઇ.એલ. નં. ૧૯૧/૨૦૧૩ દાખલ થયેલ નામ.ગુજરાત હાઇકોર્ટ ચુકાદો આપેલ છે. સરકારશ્રીના તા.૧૨.૧.૨૦૦૪ તથા તા.૧૦.૧૧.૨૦૦૪ હુકમોનું ચુસ્તપણે પાલન કરવા આદેશ આપેલ છે.

આ અંગે નીચે જણાવેલ મહાનુભાવો/અધિકારીશ્રી ફ્લેશરવાળી/ફ્લેશર વિનાની લાલ/પીળી/બ્લ્યુ લાઇટ રાખી શકે છે.

**વાહનના ઉપર લાલ લાઇટ (ફ્લેશરવાળી) નો ઉપયોગ કરવા અધિકૃત મહાનુભાવો :**

- રાષ્ટ્રપતિશ્રી - ઉપ રાષ્ટ્રપતિશ્રી
- ભુતપુર્વ રાષ્ટ્રપતિશ્રી
- પ્રધાનમંત્રીશ્રી - ઉપ પ્રધાનમંત્રીશ્રી
- ભૂતપૂર્વ પ્રશાનમંત્રીશ્રી
- ઉચ્ચત્તમ ન્યાયાલયના મુખ્ય ન્યાયમંત્રીશ્રી અને તમામ ન્યાયમૂર્તિશ્રી
- લોકસભા અધ્યક્ષશ્રી
- કેંદ્રીય કેબીનેટ મંત્રીશ્રી તમામ
- રાજ્યસભા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા

**વાહનના ઉપર લાલ લાઇટ (ફ્લેશરવાળી) નો ઉપયોગ કરવા અધિકૃત મહાનુભાવો :**

- રાજ્યપાલશ્રી
- મુખ્ય મંત્રીશ્રી
- રાજ્ય સરકારના તમામ મંત્રીશ્રી
- વિધાન સભા અધ્યક્ષ
- વિરોધ પક્ષના નેતા
- મુખ્ય સચિવ, ગૃહ,સામાન્ય વહીવટ વિભાગ, વાહન વ્યવહાર
- મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયના તમામ અગ્ર સચિવ અને સચિવશ્રીઓ

- ઉપાધ્યક્ષ- યોજના આયોગ.

- ગુજરાત હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશશ્રી અને ન્યાયાધીશશ્રીઓ

**વાહનના ઉપર લાલ લાઇટ (ફ્લેશરવિનાની) નો ઉપયોગ કરવા અધિકૃત મહાનુભાવો :**

- મુખ્ય ચુટણી કમિશ્નર
- કંન્ટ્રોલર અને ઓડીટર જનરલ (નિયત્રંક–મહાલેખાકાર)
- ઉપ સભાપતિ, લોકસભા રાજ્યસભા
- કેંન્દ્રીય મંત્રી મંડળના રાજ્ય અને નાયબ મંત્રીશ્રી
- એટર્ની જનરલ
- ભારતીય સેનાઓના સેનાધ્યક્ષ અને પૂર્વ જનરલ સમકક્ષ અધિકારી
- અધ્યક્ષ- CAT. MC. SC/ST કમિશન
- યોજના આયોગ- સભ્ય
- અધ્યક્ષ- UPSC

**વાહનના ઉપર લાલ લાઇટ (ફ્લેશરવિનાની) નો ઉપયોગ કરવા અધિકૃત મહાનુભાવો :**

- રાજ્યપાલ અને મુખ્યમંત્રીશ્રીની પાયલોટ કાર
- અધ્યક્ષ ગુજરાત જાહેર સેવા આયોગ
- નાયબ અધ્યક્ષ, ગુજરાત વિધાનસભા
- અધ્યક્ષશ્રી, સરદાર સરોવર પરિયોજના ફરીયાદ નિવારણ પ્રાધિકરણ
- એમ્બ્યુલન્સ
- ફાયર ફાયટર
- ગુજરાત ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી કોમ્યુનિકેશન વાન
- મુખ્ય ચુંટણી અધિકારીશ્રી
- કમિશ્નર, રાજ્ય ચૂંટણી પંચ

મોટર વ્હીકલ એક્ટની કલમ ૩૯ ની જોગવાઇ મુજબ દરેક મોટર વ્હીકલની પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે નોંધણી ફરજીયાત છે. વાહન માટે નક્કી થયેલ કરવેરાની વસુલાત સાથે પ્રાદેશિક વાહન વ્યવહાર (RTO) કચેરી દરેક વાહનને નોંધણી નંબર (રજીસ્ટ્રેશન નંબર) ફાળવે છે. દરેક વાહનની આગળ અને પાછળ નંબર પ્લેટમાં આ રજીસ્ટ્રેશન નંબર ફરજિયાત લગાવવાનો રહે છે. વાહનના પ્રકાર પ્રમાણે તેનો રજીસ્ટ્રેશન નંબર દૂરથી વાંચી શકાય તે રીતે લખાય માટે નંબર પ્લેટના કલર કોડ અને તેમાં અક્ષરની સાઇઝ નક્કી પણ મોટર વ્હીકલ નિયમ ૧૯૮૯ ના નિયમ ૫૦ હેઠળ નક્કી કરવામાં આવેલ છે.